### આણંદ કલેક્ટર પ્રવિણ ચૌધરીએ વિદ્યાર્થીઓને ગુલાબ આપી પ્રોત્સાહિત કર્યા

# આણંદમાં બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ : 623 વિદ્યાર્થી ગેરહાજર રહ્યાં

**વહીવટી** તંત્ર દ્વારા બેઠક વ્યવસ્થા અને પીવાના પાણીનું સુદ્રઢ આયોજન

(પ્રતિનિધિ) આણંદ તા.26

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-10 અને ધોરણ-12ની પરીક્ષાનો ગુરૂવારથી આણંદ જિલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો છે. પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ મેદાને આવ્યા હતા.



આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીએ આણંદ હાઈસ્કૂલની મુલાકાત લીધી હતી. તેમણે પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓને ગુલાબનું ફૂલ આપી આવકાર્યા હતા અને મોં મીઠું કરાવી પરીક્ષા માટેની ઉમદા શુભેચ્છા પાઠવી હતી. કલેક્ટરે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના ભય કે ડર રાખ્યા વિના શાંતિપૂર્ણ ચિત્તે પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

આ અંગે કલેક્ટરના જણાવ્યા અનુસાર, સમગ્ર આણંદ જિલ્લામાં ધોરણ-10 અને 12ના મળીને કુલ 50,966 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. વિદ્યાર્થીઓને કોઈ અગવડ ન પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા પીવાનું શુદ્ધ પાણી અને બેઠક વ્યવસ્થાનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષામાં પારદર્શિતા અને સુરક્ષા જળવાઈ રહે તે માટે તમામ કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની દેખરેખ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

પ્રથમ દિવસે ધોરણ 10માં નોંધાયેલા કુલ 29,601 વિદ્યાર્થીઓ પૈકી 29,112 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જ્યારે ગુજરાતી વિષયમાં 478 અને અંગ્રેજીમાં 11 મળીને કુલ 489 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા છે. ધોરણ 12ના કુલ 16,663 વિદ્યાર્થીઓ પૈકી 134 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. વિજ્ઞાન પ્રવાહમાં 34, સામાન્ય પ્રવાહમાં 96 અને વ્યવસાયલક્ષી પ્રવાહમાં 04 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

### ખેડા જિલ્લાના 47 હજારથી વધુ વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસ સાથે આપી પરીક્ષા

# ખેડા જિલ્લામાં પરીક્ષાનો ઉમળકાભેર પ્રારંભ થયો : વિદ્યાર્થીનુ મોઢું મીઠું કરાયું

**કલેક્ટર - ડીડીઓએ** વિદ્યાર્થીઓને પુષ્પ આપી અને સાકર ખવડાવી શુભેચ્છા પાઠવી



(પ્રતિનિધિ) નડિયાદ તા.26

ખેડા જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ 10 અને 12ની પરીક્ષાનો પ્રારંભ થયો છે. જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર અંદાજિત 47,611 વિદ્યાર્થીઓ આંખોમાં સપના અને હૈયામાં આશા સાથે પરીક્ષા આપવા પહોંચ્યાં હતાં.

ખેડા જિલ્લામાં પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ મેદાને આવ્યા હતા. જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવે ઉત્તરસંડાની ભારત હાઈસ્કુલ ખાતે અને જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોરે નડિયાદની સેન્ટ મેરી હાઈસ્કૂલ ખાતે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પુષ્પ અર્પણ કર્યા હતાં. અધિકારીઓએ વિદ્યાર્થીઓને સાકર ખવડાવી તેમની પરીક્ષા યાત્રાની મીઠાસભરી, પ્રેરણાદાયક શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે કલેક્ટરે વિદ્યાર્થીઓને ચિંતા મુક્ત મનથી અને હળવા હૈયે પરીક્ષા આપવા પ્રોત્સાહિત કર્યાં હતાં. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીએ વિદ્યાર્થીઓને પ્રામાણિક મહેનત અને શિસ્ત સાથે આગળ વધવા જણાવ્યું હતું અને વાલીઓને પણ અપીલ કરી હતી કે તેઓ પોતાના બાળકો પર વિશ્વાસ રાખી તેમને પરીક્ષા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારી કલ્પેશ રાવલ, શાળાના આચાર્યો અને શિક્ષકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

**વિકલાંગ વિદ્યાર્થી અંકિત પરમાર આકર્ષણનું કેન્દ્ર બન્યો**

ભારત હાઈસ્કૂલમાં પરીક્ષા આપવા પહોંચેલા વિકલાંગ વિદ્યાર્થી અંકિત પરમારે પોતાની શારીરિક મર્યાદાઓ છતાં ભણતર પ્રત્યેનો જે અડગ જુસ્સો અને ઈચ્છાશક્તિ બતાવી, તેણે સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. તેની આ પ્રતિબદ્ધતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહી હતી.

# ડાકોરમાં રિક્ષાચાલકોની બેફામ દાદાગીરી : પ્રજાજનો ત્રાહિમામ

**ટ્રાફિક નિયમોના** સરેઆમ ધજાગરા, બેફામ ભાડાં અને અસભ્ય વર્તનથી જનતા પરેશાન

(પ્રતિનિધિ) ડાકોર તા.26

યાત્રાધામ ડાકોરમાં હાલ રિક્ષાચાલકોનો ત્રાસ સીમા વટાવી રહ્યો છે. રણછોડરાયના દર્શને આવતા લાખો શ્રદ્ધાળુઓ અને સ્થાનિક રહીશો રિક્ષાચાલકોની મનસ્વી વર્તણૂક અને ટ્રાફિકની અવ્યવસ્થાને કારણે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ડાકોરમાં હાલ તમામ ગેટ બંધ હોવાથી વાહનો માત્ર સરકારી પાર્કિંગમાં જ મૂકવા પડે છે, જેનો લાભ ઉઠાવી રિક્ષાચાલકો મનફાવે તેમ ભાડાં વસૂલી લૂંટ ચલાવી રહ્યા છે.

ડાકોરમાં રિક્ષાચાલકો ગમે ત્યાં પાર્કિંગ કરે છે, સિગ્નલ બતાવ્યા વગર ગમે તેમ રિક્ષા વાળવી અને ક્ષમતા કરતા વધુ પેસેન્જરો બેસાડીને આરટીઓના કાયદાઓના સરેઆમ ધજાગરા ઉડાડી રહ્યા છે. નવાઈની વાત તો એ છે કે, જ્યારે કોઈ સ્થાનિક વ્યક્તિ આ અવ્યવસ્થાનો વિરોધ કરે છે, ત્યારે રિક્ષાચાલકો યુનિટી બનાવીને ધાક-ધમકી આપે છે. સરકારી તંત્ર અને પોલીસ જાણે માત્ર પોઈન્ટ સાચવવામાં જ વ્યસ્ત હોય તેમ રિક્ષાચાલકો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી.

ડાકોર નગરપાલિકાની કામગીરી પણ શંકાના દાયરામાં છે. એક રોડનું કામ પૂરું થયા વગર જ બીજા રોડનું કામ શરૂ કરી દેવામાં આવે છે, જેના કારણે સમગ્ર ગામમાં ખાડા અને ધૂળનું સામ્રાજ્ય છવાયું છે.

**ફાગણી પૂનમ માથે છે છતાં આયોજન શૂન્ય !**

આગામી દિવસોમાં પાઘડી પૂનમ (ફાગણી પૂનમ) નો મોટો મેળો ભરાવનાર છે, જેમાં લાખોની સંખ્યામાં માનવમહેરામણ ઉમટશે. એક તરફ રિક્ષાચાલકોનો આતંક અને બીજી તરફ નગરપાલિકાનું 'અણઘણ' આયોજન જોતા, યાત્રાળુઓની સુરક્ષા અને સુવિધા સામે મોટા સવાલો ઉભા થયા છે. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? તેવો પ્રશ્ન ડાકોરની જનતા પૂછી રહી છે.

# ખેરોલીમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે માંગ

**બાલાસિનોરના** ધારાસભ્ય માનસિંહ ચૌહાણે આરોગ્ય મંત્રી સમક્ષ માંગ કરી

(પ્રતિનિધિ) વીરપુર તા.26

બાલાસિનોર - વીરપુર વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય માનસિંહ કે. ચૌહાણે મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના ખેરોલી ગામે નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) મંજૂર કરવા માટે રાજ્યના આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાને લેખિત પત્ર પાઠવી રજૂઆત કરી છે. આ પીએચસીથી 20થી 25 ગામોના દર્દીઓને રાહત રહેશે.

બાલાસિનોર ધારાસભ્યએ તેમના પત્રમાં જણાવ્યું છે કે, ખેરોલી ગામ અને તેની આસપાસના વિસ્તારના સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનો દ્વારા ખેરોલી ગામે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની માંગણી કરવામાં આવી હતી. આ બાબતને ધ્યાને લેતા, જો ખેરોલી ગામે નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે, તો તેનાથી આજુબાજુના 20થી 25 ગામોના દર્દીઓને સમયસર અને નજીકના અંતરે તબીબી સેવાઓનો લાભ મળી શકે તેમ છે.આમ, લોકોની સુખાકારી અને આરોગ્યલક્ષી જરૂરિયાતોને પ્રાધાન્ય આપીને ધારાસભ્ય માનસિંહ ચૌહાણે સદર ખેરોલી ગામે નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવા માટે મંત્રીને ખાસ અંગત ભલામણ કરી છે. આ સુવિધા ઉપલબ્ધ થવાથી ગ્રામીણ વિસ્તારના દર્દીઓને સારવાર માટે લાંબે સુધી જવું પડશે નહીં.

# આણંદ શહેરમાં ધર્મેશ્વર મહાદેવ નજીક ઉભરાતી ગટરથી હાલાકી

**આણંદના** જૂના બસ સ્ટેન્ડ પાસે ગટર ઉભરાવવા બાબતે કોઇ પગલાં ન ભરાતાં રોષ

(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદ શહેરના જૂના બસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા 10 દિવસથી ગટરના ગંદા પાણી ઉભરાઈને રોડ પર ફરી વળતા સ્થાનિકો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ખાસ કરીને નજીકમાં જ ધર્મેશ્વર મહાદેવનું મંદિર આવેલું હોવાથી, દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને ગટરના ગંદા પાણીમાં ચાલીને જવાની નોબત આવી છે. પવિત્ર મનથી દર્શન કરવા આવતા નગરજનોએ ગંદકીમાંથી પસાર



થવું પડતા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આણંદના જૂના બસ સ્ટેશન પાસે આવેલા યા દાદા કોમ્પ્લેક્સથી બસ સ્ટેશન સુધી ગટરના પાણીની રેલમછેલ જોવા મળે છે. આ વિસ્તારમાં 30થી વધુ દુકાનો આવેલી છે, જ્યાં સતત ઉભરાતા ગંદા પાણીને કારણે હવે રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી છે. અહીં રસ્તા પરથી પસાર થતા વાહનોને કારણે ગંદા પાણીના છાંટા ઉડતા રાહદારીઓના કપડાં પણ બગડી રહ્યા છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ પણ આ વિસ્તારની ગટર લાઈન અને પાણીની પાઈપ લાઈનના લીકેજનો કાયમી ઉકેલ લાવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. મનપાની ટીમ દ્વારા છેલ્લા એક સપ્તાહમાં ત્રણ-ત્રણ વખત ખોદકામ કરવામાં આવ્યું હોવા છતાં હજુ સુધી લીકેજ શોધી શકાયું નથી. જેના પગલે નગરજનો અને શ્રદ્ધાળુઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. આ અંગે તાત્કાલિક ઘટતી કાર્યવાહી કરવા માટે મનપામાં રજૂઆત કરાઈ હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સોજિત્રાના પીપળાવની દીકરી વેદાંશી પટેલે નેશનલ બોસિયા ચેમ્પિયનશિપમાં મેડલ જીત્યો

**આણંદ** | અમદાવાદમાં યોજાયેલા સિનીયર નેશનલ બોસિયા ચેમ્પિયનશિપમાં સોજીત્રાના પીપળાવ ગામની વેદાંશી પટેલે દ્વિતીય સ્થાન મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. આ દિવ્યાંગ દીકરીએ પોતાની અદભૂત રમત દ્વારા આણંદ જિલ્લાનું નામ સમગ્ર દેશમાં રોશન કર્યું છે. વેદાંશી પોતે અને તેના માતા-પિતા પણ દિવ્યાંગ હોવા છતાં, તેમની મક્કમતા અને યોગ્ય કેળવણીથી દીકરીએ આ ગૌરવશાળી સિદ્ધિ હાંસલ કરી છે. આ ભવ્ય સફળતા બદલ વેદાંશી અને તેના પરિવાર પર હાલ અભિનંદનની વર્ષા થઈ રહી છે.



### તારાપુર કોંગ્રેસના અગ્રણી ખોડાભાઈ ચૌહાણે કેસરીયો ધારણ કર્યો



**તારાપુર** | જાફરગંજ ગામના કોંગ્રેસ અગ્રણી ખોડાભાઈ ચૌહાણે ભાજપની વિકાસની રાજનીતિથી પ્રેરાઈને પક્ષની વિચારધારા સાથે કેસરીયો ધારણ કર્યો છે. ધારાસભ્ય વિપુલભાઈ પટેલના હસ્તે અને તાલુકા ભાજપ પ્રમુખની હાજરીમાં તેઓ વિધિવત રીતે શાસક પક્ષ ભાજપમાં જોડાયા હતા. ભાજપ સરકારના લોક કલ્યાણના કાર્યો અને ધારાસભ્ય દ્વારા કરવામાં આવતા પ્રજાલક્ષી વિકાસ કામોને તેમણે પક્ષપલટાનું મુખ્ય કારણ ગણાવ્યું છે. સ્થાનિક સ્તરે મજબૂત પકડ ધરાવતા નેતાના પક્ષપલટાથી કોંગ્રેસના ગઢમાં ગાબડું પડ્યું છે અને આગામી દિવસોમાં નવા રાજકીય સમીકરણો રચાઈ શકે છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની મહમ્મદપુરાની 'વાર્તાનો વડલો' શાળામાં વિશ્વ માતૃભાષા દિવસની ભવ્ય ઉજવણી

કપડવંજ | ગુજરાત સાહિત્ય અકાદમી અને વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે મહમ્મદપુરા ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય વક્તા માધવ ગઢવી અને અતિથિ વિશેષ રસિકભાઈ પટેલે માતૃભાષાનું મહત્વ સમજાવી દૈનિક વ્યવહારમાં તેનો ઉપયોગ કરવા ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોએ વિવિધ વેશભૂષા રજૂ કરી હતી અને ઉપસ્થિત મહેમાનો સહિત વિદ્યાર્થીઓએ માતૃભાષામાં હસ્તાક્ષર કરી ભાષાનો મહિમા વધાર્યો હતો. અંતમાં શાળાના આચાર્ય મિનેશ પ્રજાપતિએ સૌને માતૃભાષાના જતન માટેના શપથ લેવડાવ્યા હતાં.



### કપડવંજની ઝંડા પ્રાથમિક શાળાના ત્રણ વિદ્યાર્થીઓનો કેટ પરીક્ષામાં ઝળક્યાં

કપડવંજ | કપડવંજ તાલુકાની ઝંડા પ્રાથમિક શાળાના ધોરણ-5ના ત્રણ વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (કેટ) માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી મેરિટમાં સ્થાન મેળવ્યું છે. જેમાં માયા રાઠોડ (73 ગુણ), દિવ્યા રાઠોડ (68 ગુણ) અને ધ્રુમિલ રાઠોડે (54 ગુણ) સફળતા પ્રાપ્ત કરી શાળા અને માતા-પિતાનું ગૌરવ વધાર્યું છે. આ વિશેષ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય અને શિક્ષકગણે તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.



### નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે હાર્દિક ભટ્ટની પુન: વરણી કરવામાં આવી

નડિયાદ | ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નડિયાદ શહેર પ્રમુખ તરીકે હાર્દિક ભટ્ટની ઉત્કૃષ્ટ કામગીરી પર મહોર મારી તેમને ફરીથી આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. વર્ષ 2021થી સંગઠનને વેગવંતું બનાવનાર હાર્દિક ભટ્ટે જનતાના પાયાના પ્રશ્નો અને નગરપાલિકામાં ફેલાયેલા ભ્રષ્ટાચાર સામે મજબૂત વિપક્ષ તરીકેની ભૂમિકા ભજવી છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણયથી પક્ષ પ્રત્યેની તેમની નિષ્ઠા અને આંદોલનાત્મક કાર્યક્રમો દ્વારા મળેલી સફળતાને સ્વીકૃતિ મળી છે. આગામી સમયમાં સ્થાનિક પ્રશ્નો મુદ્દે કોંગ્રેસની લડત વધુ આક્રમક બનવાના સંકેતો પ્રાપ્ત થયા છે.



### ચરોતરમાં તળપદા સમાજના વિકાસ માટે લાયબ્રેરી અને હોલ માટે ગ્રાન્ટની માગ

**નડિયાદ** | ચરોતર તળપદા સમાજના અગ્રણીઓએ રાજ્યમંત્રીની મુલાકાત લઈ શિક્ષણ અને સામાજિક સુવિધાઓ વધારવા અંગે રજૂઆત કરી હતી. સમાજમાં શિક્ષણના વ્યાપ માટે અત્યાધુનિક લાયબ્રેરી, કોમ્યુનિટી હોલ અને સમૂહ લગ્નોના આયોજન અંગે મહત્વની દરખાસ્ત મૂકવામાં આવી હતી. મંત્રીએ આ માંગણીઓનો હકારાત્મક પ્રતિસાદ આપી યોગ્ય જગ્યાની પસંદગી થતા જ જરૂરી ગ્રાન્ટ ફાળવવાની ખાતરી આપી છે. આ આયોજનથી સમાજના જરૂરિયાતમંદ પરિવારોને સામાજિક સ્તરે મોટી મદદ મળશે અને શૈક્ષણિક સુવિધાઓમાં વધારો થશે.



### આણંદમાં 'સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન'ની ઉજવણી નિમિત્તે રક્તપિત્ત મુક્તનો સંકલ્પ લેવાયો

**આણંદ** | કલેક્ટર અને ડીડીઓના માર્ગદર્શન હેઠળ રક્તપિત્ત અંગે જનજાગૃતિ અને નવા દર્દીઓની શોધ માટે વ્યાપક અભિયાન હાથ ધરાયું હતું. નેશનલ હ્યુમન રાઈટ કમિશન દ્વારા પ્રશંસા પામેલ આ પહેલ અંતર્ગત જિલ્લાના 370 દર્દીઓને વિનામૂલ્યે દવાઓ, તબીબી સાધનો અને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. વિવિધ વિભાગોના સંકલનથી લાભાર્થીઓને સંત સૂરદાસ યોજના હેઠળ પેન્શન, સ્કોલરશીપ અને અનાજ જેવી યોજનાના લાભો આપી સન્માનજનક જીવન સુનિશ્ચિત કરાયું છે.



### સરદાર પટેલ યુનિવર્સિટીમાં 'માનવ અધિકારો' પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ સંપન્ન થયો



**આણંદ** | વલ્લભવિદ્યાનગરના કાયદા વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કુલપતિ ડો. નિરંજન પટેલે માનવતા અને 'વસુધૈવ કુટુંબકમ'ના સિદ્ધાંતને વિકાસ સાથે જોડી અસમાનતા દૂર કરવા પર ભાર મૂક્યો હતો. મુખ્ય અતિથિ ડો. કૌશલ ઠાકરે (ચેરપર્સન, GSHRC) નાગરિકોને જન્મસિદ્ધ અધિકારોની સાથે દેશ પ્રત્યેની મૂળભૂત ફરજો નિભાવવા અને સ્વચ્છ પર્યાવરણ જેવા હકો પ્રત્યે જાગૃત રહેવા અનુરોધ કર્યો હતો. જર્મની અને ભારતના વિવિધ રાજ્યોના નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ યોજાયેલા પાંચ ટેકનિકલ સેશન્સમાં દેશ-વિદેશના સંશોધકો દ્વારા કુલ 40 જેટલા સંશોધન પત્રો રજૂ કરવામાં આવ્યા હતા.

### નડિયાદમાં લાયન્સ ક્લબ દ્વારા 'ઝોન સોશિયલ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયું

નડિયાદ | નડિયાદ લાયન્સ ક્લબ મેઈન હોલ ખાતે ઝોન ચેરમેન મહેશભાઈ જોશી દ્વારા આયોજિત 'ઝોન સોશિયલ'માં ડિસ્ટ્રિક્ટ ગવર્નર દીપક સુરાણા અને રિજિયન ચેરમેન સૂર્યકાંત પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન દીપક સુરાણાએ પ્રેરક પ્રવચન આપ્યું હતું અને નડિયાદ, ડાકોર તથા ખેડા લાયન્સ ક્લબના હોદ્દેદારો સહિત વિશિષ્ટ સેવાઓ આપનાર સામાજિક કાર્યકરો અને વડોદરાથી પધારેલા મહેમાનોનું સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં વર્ષ 2024-25 દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મિત્રોનું બહુમાન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન ગોરધનભાઈ પ્રજાપતિએ કર્યું હતું.



### મહીસાગરમાં પોલીસ અને મેઘમણી ફાઉન્ડેશન દ્વારા નિ:શુલ્ક હેલ્મેટ વિતરણ કરાયું

લુણાવાડા | મહીસાગર જિલ્લા પોલીસ અને મેઘમણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે લુણાવાડાની પી.એન. પંડ્યા કોલેજ ખાતે 'જન ભાગીદારીથી જન કલ્યાણ'ના મંત્ર સાથે નિ:શુલ્ક હેલ્મેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસને હેલ્મેટને વાહન ચાલકના મસ્તકની સુરક્ષા અને પરિવારની રક્ષાનું 'અભેદ કવચ' ગણાવી માર્ગ સુરક્ષાના નિયમોનું પાલન કરવા અનુરોધ કર્યો હતો. આ સેવાકીય પ્રકલ્પ હેઠળ કુલ 900 હેલ્મેટના અનુદાન પૈકી પ્રથમ તબક્કે 100 હેલ્મેટનું વિતરણ કરી નાગરિકોમાં જાગૃતિ લાવવા ભવ્ય 'હેલ્મેટ જાગૃતિ રેલી' કાઢવામાં આવી હતી. આ પ્રસંગે આરટીઓ વિભાગ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં લાયસન્સ માટે કેમ્પો યોજવા ભાર મુક્યો હતો.



### ઇન્ફોમેરિક્સે ફ્રેડુન ફાર્માસ્યુટિકલ્સના ક્રેડિટ રેટિંગને BBB+માં અપગ્રેડ કર્યું

**વડોદરા** | ફ્રેડુન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેને ઇન્ફોમેરિક્સ વેલ્યુએશન એન્ડ રેટિંગ લિમિટેડ તરફથી તેની કુલ 156.17 કરોડની બેંક સુવિધાઓ માટે ક્રેડિટ રેટિંગ અપગ્રેડ મળ્યું છે. ઇન્ફોમેરિક્સે કંપનીની લાંબા ગાળાની બેંક સુવિધાઓને IVR BBB (સ્ટેબલ)માંથી વધારી IVR BBB+ (સ્ટેબલ) કરી છે, જ્યારે ટૂંકા ગાળાનું રેટિંગ IVR A2 પર પુન:પુષ્ટિ કરાયું છે. આ અપગ્રેડ કંપનીની મજબૂત ઓપરેશનલ કામગીરી, સુધરતી ફાઇનાન્શિયલ પ્રોફાઇલ અને શિસ્તબદ્ધ મૂડી વ્યવસ્થાપનનું પ્રતિબિંબ છે. આ રેટિંગ હેઠળ 143.17 કરોડની લાંબા ગાળાની અને 13 કરોડની લાંબા/ટૂંકા ગાળાની કાર્યકારી મૂડી સુવિધાઓનો સમાવેશ થાય છે. BBB+ રેટિંગ નાણાકીય જવાબદારીઓ સમયસર પૂર્ણ કરવાની વધેલી સલામતી દર્શાવે છે, જ્યારે સ્ટેબલ આઉટલૂક કંપનીના સંતુલિત રિસ્ક પ્રોફાઇલમાં રેટિંગ એજન્સીનો વિશ્વાસ દર્શાવે છે. આ અપગ્રેડથી બેંકોનો વિશ્વાસ વધશે, ઉધાર ખર્ચમાં સંભવિત ઘટાડો થશે અને વિસ્તરણ યોજનાઓ માટે નાણાકીય લવચીકતા મળશે. આફ્રિકા, દક્ષિણપૂર્વ એશિયા, CIS અને લેટિન અમેરિકા જેવા બજારોમાં નિકાસ વિસ્તરતી રાખતી ફ્રેડુન માટે આ મહત્વપૂર્ણ માઇલસ્ટોન ગણાય છે.